# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-12-2024 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## ISRO-સ્પેડેક્સ મિશન:

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ISROએ ગઇકાલે રાત્રે શ્રી હરિકોટા થી બે ઉપગ્રહનું પ્રક્ષેપણ કર્યું હતું. આ બે ઉપગ્રહો, SDX-01,ને ચેઝર અને SDX-02ને લક્ષ્ય તરીકે ઓળખવામાં આવે છે. લગભગ 66 દિવસના સમયગાળા સાથે ટાર્ગેટ અને ચેઝર સેટેલાઇટ બંને એક જ ભ્રમણકક્ષામાં દસથી વીસ કિલોમીટરના અંતરે મૂકવામાં આવ્યા છે. આ ઉપગ્રહને સ્પેડેક્સ મિશન તરીકે ઓળખવવામાં આવે છે.આ મિશન સફળતાપૂર્વક પૂર્ણ થવાથી અવકાશમાં જટિલ કામગીરી હાથ ધરવાની ISROની ક્ષમતામાં વધારો થશે અને ભાવિ આંતરગ્રહીય મિશન માટે પાયો નાખશે.

અમારા આકાશવાણી બેંગલોરના સંવાદદાતા જણાવે છે કે, આ મિશન ભારતને ચંદ્ર પર પોતાનું ભારતીય અંતરીક્ષ સ્ટેશન બનાવવા માટે સક્ષમ બનાવશે જ્યાં સેટેલાઇટ ડોક કરી શકે અને પૃથ્વી પર પરત ફરી શકે. આ મિશનને કારણે , ડોકીંગ અને અનડોકિંગ ટેકનોલોજીમાં નિપુણતા મેળવનાર ભારત વિશ્વનો ચોથો દેશ બનશે.

--------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-વલસાડ:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન તેમણે કરોડોના ખર્ચે તૈયાર થનારા નવા મકાનનું ભૂમિપૂજન પણ કર્યું હતું. અહીં તેમણે જૈન દેરાસર અને આશ્રમની મુલાકાત લીધી હતી.

--------------------------------------------------------------------------------

## CM-નગર પાલિકા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ૭ મહાનગરપાલિકાઓ, ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને ‘ક’ તથા ‘ડ’ વર્ગની નાની નગરપાલિકાઓ સહિત ૧૭ નગરપાલિકાઓમાં શહેરીજન જીવન સુવિધા વધારવાના કામો માટે કુલ એક હજાર કરોડથી વધુ ફાળવવાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૧૪૧ કરોડથી વધુ રૂપિયા મંજૂર થયા છે તેમાં નવી રચાયેલી મુન્દ્રા-બારોઈ નગરપાલિકાને ચોમાસામાં ભારે વરસાદથી માર્ગોને થયેલા નુક્શાનની મરામત અને નવા માર્ગો માટે ૭ કરોડ ૭૫ લાખ સહિત વાઘોડિયા નગરપાલિકા માટે ૪.૪૬ કરોડ, ડભોઇ માટે ૧.૭૫ કરોડ તેમજ ૩ મહાનગર પાલિકાઓ જુનાગઢને ૨૫ કરોડ, જામનગરને ૪૭.૫૩ કરોડ તથા ભાવનગરને ૫૪.૮૮ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે.

--------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ:

ગઈકાલે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતિ અંજના પંવારના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેક્ટર કચેરી ભુજ કચ્છ ખાતે સફાઈ કર્મચારીઓના વિવિધ પ્રશ્નો અંગે જિલ્લા વહીવટીતંત્ર સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ, સફાઈ કામદારો અને વિવિધ એજન્સીઓના કોન્ટ્રાક્ટર્સ હાજર રહ્યા હતા.

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતી અંજના પંવારે આ બેઠકમાં જણાવ્યું હતું કે, સફાઈ કામદારોના પુનર્વસન સાથે તેમનો શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉદ્ધાર થાય તે ખૂબ જ મહત્વનું છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સફાઈ કામદારોને પોતાના હક્કો પ્રાપ્ત થાય, સમાજમાં સફાઈ કામદારોનું સ્થાન જળવાઈ રહે, સફાઈ કામદારોના કામને બિરદાવવામાં આવે તે દિશામાં કામગીરી ખૂબ જ મહત્વની છે.

તેમણે સફાઈ કર્મચારી મંડળોના પ્રશ્નો અને સફાઈ કામદારોની વ્યક્તિગત રજૂઆતોને સાંભળી હતી.જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ વહીવટીતંત્ર અને નગરપાલિકાના સંબંધિત

અધિકારીઓને રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતી અંજના પંવારની સૂચના મુજબ ત્વરિત કામગીરી કરવા માટે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## માંડવી-પશુપાલન શિબિર:

જિલ્લા પંચાયત કચ્છ અને પશુદવાખાના માંડવી દ્વારા ગત રવિવારે માંડવી તાલુકાના મોમાયમોરા ખાતે જિલ્લાકક્ષાની પશુપાલન શિબિર યોજાઇ હતી. શિબિરમાં નિષ્ણાતો દ્વારા પશુ સંવર્ધન, પશુપોષણ, પશુ આરોગ્ય, પશુ માવજત તેમજ સરકારની વ્યક્તિલક્ષી સહાયની યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. શિબિરમાં પશુપાલકો દ્વારા પશુપાલન અંગે પ્રશ્નોતરી કરવામાં આવી હતી. જેનું તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.શિબિરમાં મોમાયમોરા, દરશડી, બિદડા, રાજપર, ગઢશીશા, વરજડી, લુડવા તથા ભુજ, અબડાસા, લખપત, નખત્રાણા તાલુકાનાં કુલ મળીને ૫૫૦ થી વધારે પશુપાલક ભાઈ બહેનોએ ભાગ લીધેલ હતો.

---------------------------------------------------------------------------------------

## નારાયણ સરોવર ખાતે સોમવતી અમાસના સ્નાન:

પ્રાચીન તીર્થધામ નારાયણ સરોવરમાં સોમવતી અમાસના પવિત્ર સરોવર કિનારે ભાવિકોએ ઠંડીમાં પણ સ્નાન કર્યું હતું તેમજ પૂજા પાઠ કરીને દાનપુણ્ય કર્યું હતું. સંધ્યા સમયે નારાયણ સરોવર જાગીરના અધ્યક્ષ સોનલ લાલજી મહારાજે સરોવર કિનારે મહાઆરતી કરી હતી જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સોમવતી અમાસને સ્નાન અને દાન માટે વિશેષ શુભ માનવામાં આવે છે તેથી મોટી સંખ્યામાં ભાવિકો સરોવરમાં સ્નાન કરે છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં આગામી દિવસોમાં ઠંડીમાં નોંધપાત્ર રાહત મળવાની શક્યતા નહિવત છે. તેવુ પુર્વાનુમાન હવામાન વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે. નલિયામાં 6.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન તો ભુજમાં 10.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું.

------------------------------------------------------------------------------------------------